# Fun with Family

Day-42 | 10 May, 2020



## "FWF SONG"

ટીંગ... ટોંગ... ટીંગ...
દરવાજા પર વાગી રીંગ
ટીંગ... ટોંગ... ટીંગ...
રવિવારભાઈ આવ્યા છે,
Fun with Family લાવ્યા છે.
સૌ મળીને રમો આજે Game,
જોઈએ કોણ બને Little champ.
So, થઈ જાવ તૈયાર રમવા bro,
On your mark, get set, go...



## ''ગજબનો ખેલ''



બાળમિત્રો, હવે તમે કેવા ગજબના
કેચ કરી શકો છો તે ખબર પડી
જશે... લીંક દબાવો અને
ગજબની રમત રમો...

https://bit.ly/2Lebpu3

## ''ખાઉધરા ગલી''

મિત્રો, હવે ભૂખ લાગી હશે ને...?
આજે એટલું જમવાનું મળશે કે
એક વર્ષ સુધી ભૂખ ન લાગે...
લીંક દબાવો અને જમતા-જમતા રમત રમો...



https://bit.ly/2YPA5Bo


## "શું દાંત કાઢો છો...??"

ચાલો, આખો પરિવાર સાથે
બેસીને થોડું હસીએ... લીંક દબાવો
અને **Funny Video** માણો... જો જો...
હસતા-હસતા દાંત પડી ન જાય...

https://bit.ly/2SPTXAx




## "ભેજું ખલાસ"



નીચે ત્રણ-ત્રણ કડીઓની પાંચ સાંકળ છે. તેને તમારે આખી બનાવવાની છે. પરંતુ એક કડી તોડવા માટે લુહાર લેશે: એક રૂપિયો અને જોડવા માટે લેશે: બે રૂપિયા. તો એક આખી સાંકળ બનાવવા કેટલો ખર્ચ થશે ? જો જો લુહાર વધુ પૈસા ન પડાવી જાય.

૯ રૂપિયા (સૌ પ્રથમ પહેલા ગ્રુપની ત્રણેય સાંકળ તોડો = ૩ રૂપિયા, બાદ અન્ય ચાર ગ્રુપની વચ્ચે આ ત્રણ કડી મૂકી તેને જોડો = ૬ રૂપિયા.)

## "જવાબ આપો"

બાળમિત્રો,
અહીં કેટલા બતક તમને દેખાય છે?
તે કહી શકશો...???




જવાબ: ૧૫ બતક

## “વારતા રે વારતા”

ચાલો, એક સરસ મજાની
વાર્તા માણીએ... અને તેમાંથી
મળતો બોધ આપણા જીવનમાં
ઉતારીએ...

https://bit.ly/3fAN2F2



## “મારું નાનું ઘર”




બાળમિત્રો, આજે સાંજે
એક નાનું ઘર બનાવીશું...
અને રાત્રે એક ઠાકોરજીની
મૂર્તિને તે નાના ઘરમાં
થાળ ધરાવીશું...
અને આપણે પણ રાત્રે
તે નાના ઘરમાં જ જમીશું...
ખૂબ મજા આવશે...

## “QUIZ TIME”

https://bit.ly/2Aha0kt | Guj.





## ‘‘એ ઉડ્યું...’’

ચાલો, હવે એક સરસ મજાનું ‘પેરાશૂટ’ બનાવીએ... અને ઘરમાં ઉડાવી, બધાને દેખાડી, આશ્ચર્ય પમાડીએ... લીંક દબાવો અને શીખો...

https://bit.ly/2WfIDj3

## ‘‘અગડમ-બગડમ’’

હવે તમે જે હાથથી સામાન્ય રીતે લખતા હોવ તેના સિવાયના બીજા હાથથી A, B, C, D લખવાની છે... જોઈએ કોણ લખી શકે છે... ઘરના દરેક સભ્યો પાસે લખાવડાવો... ખૂબ મજા આવશે...





## ‘‘ગરબડ ગોટા’’

હવે, ઘરના દરેક સભ્યો પર આ પ્રયોગ કરવાનો છે... બધા 100% ગરબડ ગોટા જ વાળશે... બાળમિત્રો, તૈયાર થઈ જાઓ ગરબડ ગોટા જોવા... લીંક દબાવો અને શીખો...

https://bit.ly/35MpsR8

## “T-20 WORLD CUP”

તૈયાર થઈ જાઓ ‘‘T-20 WORLD CUP’’
રમવા માટે...પણ ઘરમાં કઈ રીતે
રમશો...?! લીંક દબાવો અને શીખો...
પણ બાળમિત્રો, મમ્મી-પપ્પા,
દાદા-દાદી દરેકને આ રમત રમાડજો...

https://bit.ly/3biuoyb



## ‘‘તેજ દિમાગ’’




હવે, ઘરના કયા સભ્યની રફતાર
તેજ છે તે ખબર પડશે...
બે સભ્યો વચ્ચે ખરેખરો ખેલ થશે...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/2xSQn1e

## ‘‘અજબ-ગજબ ચહેરો’’

હવે, ઘરના દરેક સભ્યોએ પોતાના
ચહેરા ઉપર અહીં લખેલા ભાવ રજૂ
કરવાના છે...
બાળમિત્રો, ફોટો પાડવાનું ન ભૂલતા...
હાવભાવ :
ગુસ્સો, ડર, રડવું, હાસ્ય, નારાજ,
રીસાવું, આળસ, બિમાર,
ઊંઘવું... વગેરે...



# "My Guru, My Life"

ગુરુહરિ મહંતસ્વામી મહારાજે આપણને પત્ર દ્વારા એક ખૂબ જ અગત્યનો અને સુંદર સંદેશ આપ્યો છે... ચાલો, તે વાંચીએ અને જીવનમાં ઉતારીએ...

https://bit.ly/2WhmQHD






મિત્રો, ઘણા સમયથી આપનો પરિવાર FWF
દ્વારા આનંદ-ઉલ્લાસ કરીને ઘણું બધું અવનવું
શીખી રહ્યો છે...

પરંતુ આપના સંપર્કમાં એવા પણ કુટુંબ અને
બાળકો હશે કે જેમને આ લોકડાઉનમાં સમય પસાર કેવી
રીતે કરવો તે પ્રશ્ન હશે...!!

તો આજથી એવા અન્ય પરિવારોને પણ
આપણે આ FWF નો અંક મોકલીએ...

જેથી તેઓ પણ આનંદ કરતા કરતા
આ કપરો સમય વિતાવી શકે...

**Thank You...**

# બળ વધે કે બુદ્ધિ ?


Story Time



એક દિવસ એક કૂતરો જંગલમાં ફરવા ગયો અને પછી રસ્તો ભૂલી ગયો. ઘણી વાર સુધી જંગલમાંથી બહાર નીકળવાના ફાંફાં માર્યાં પણ સફળ થયો નહીં. બપોર નમવા લાગી હતી અને ત્યાં તેણે જોયું કે સામેથી જંગલનો રાજા સિંહ આવી રહ્યો છે !

સિંહનો મિજાજ જોઈને કૂતરાના મોતિયા મરી ગયા. તેણે આજુબાજુ જોયું તો ત્યાં કેટલાંક હાડકાં પડેલાં હતાં. તરત તેણે એક મોટું હાડકું લીધું અને સિંહ તરફ પીઠ કરીને બેસી ગયો. ને હાડકાને ચૂસતાં-ચૂસતાં મોટેથી બોલ્યો, ‘વાહ ! સિંહનો શિકાર કરવાની વાત જ અલગ છે, હજુ એકાદ સિંહ મળી જાય, તો પૂરું પેટ ભરાય અને મજા પડી જાય !’






એમ કહી કૂતરાએ મોટેથી ઓડકાર ખાધો. સિંહ આ વાત સાંભળીને મોળો પડી ગયો. સિંહને લાગ્યું કે ‘આ કૂતરો તો સિંહનો શિકાર કરે એવો માથાભારે લાગે છે. જીવ બચાવો અને ભાગો અહીંથી.’ ... દૂર ઝાડ પર બેઠેલો વાંદરો આ તમાશો જોઈ રહ્યો હતો.

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**



વાંદરાએ વિચાર્યું, 'સિંહ સાથે સંબંધો સુધારવાનો આ સારો મોકો છે. સિંહને જઈને સાચી વાત કરી દઉં. સિંહ સાથે મિત્રતા થશે તો હંમેશને માટે જીવનું જોખમ ટળશે.' તરત તે ઝાડ પરથી ઊતરીને સિંહની પાછળ ભાગ્યો. કૂતરાએ વાંદરાને સિંહની પાછળ જતાં જોયો એટલે તેને થયું કે કંઈક લોચો લાગે છે.

ત્યાં વાંદરાએ સિંહ પાસે જઈને બધી વાત કરી દીધી અને કહ્યું, 'કૂતરાએ જંગલના રાજાને બેવકૂફ બનાવ્યો છે.' સિંહ જોરથી ગર્જ્યો અને વાંદરાને કહ્યું, 'ચાલ મારી સાથે, હમણાં જ જઈને કૂતરાના નાટકનો અંત આણીએ...' એમ કહી સિંહ વાંદરાને પોતાની પીઠ પર બેસાડીને કૂતરા તરફ દોડ્યો.





કૂતરાએ સિંહને આવતાં જોયો અને ફરી એકવાર સિંહ તરફ પીઠ કરીને બેસી ગયો અને જોરથી બોલવા લાગ્યો, 'એક કલાક થઈ ગયો... ક્યાં મરી ગ્યો આ વાંદરો ?! ક્યારનો મોકલ્યો છે એક સિંહને ભોળવીને લઈ આવવા માટે...'

સિંહે આ સાંભળ્યું અને તે વાંદરાને ત્યાં જ પછાડીને ભાગી ગયો.

બોધ : બુદ્ધિશાળી માણસ ગમે તેવા બળવાનને પણ હરાવી શકે છે. આપત્તિ સમયે સ્થિરતા રાખી નિર્ણય લેવો જોઈએ.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Compassionate Ghanshyam

Dharmadev owned an orchard near his home. Rampratap and Ghanshyam Maharaj had grown trees of jackfruit with great care.

1






One night, two thieves came to steal from the orchard. They carefully climbed on top of the jackfruit trees.

2

But what's this? As soon as they put their hands on the fruit, their hands got stuck! They tried all night, but they couldn't break free.

3



**Friends, today you have to prepare this story and present it to the parents.**

In the morning, Dharmadev, Rampratap and Ghanshyam Maharaj made their way to the orchard.

4






Seeing the thieves, Ramapratapbhai was ready to beat them with his stick. But Ghanshyam Maharaj stopped him. He forgave the thieves and saved them from punishment.

5

The thieves were crying and begging for forgiveness. Ghanshyam Maharaj stared at them compassionately and their hands were freed from the fruit.

6





The theives came down and bowed to the family. Ghanshyam Maharaj taught them that stealing was a horrible sin. Then he gave them one fruit each and sent them on their way. Such was Maharaj's compassion.

7

**Remember, you have to perform this story in front of Mom and Dad.**

# આવું તો આજે જ જાણ્યું !!



પૂણેના એલોપેથી ડૉક્ટર બલવંત ઘાટપાંડે ૧૦૫ વર્ષની ઉંમર સુધી પણ દિવસના ૧૦ કલાક કામ કરી દર્દીની સેવા કરતા હતા.



કાંગારુની પૂંછડી જ્યાં સુધી જમીન પર અડેલી હોય ત્યાં સુધી એ કૂદી શકતું નથી.



બંગાળમાં ટોકે ગેક્કો નામની દુર્લભ જાતિની ગરોળીઓ જોવા મળે છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧ કરોડ બતાવવામાં આવી રહી છે !



મેરઠના ફક્ત ૮ વર્ષના બાળક કરનની ઊંચાઇ ૬.૭ ઇંચ છે.
તેનું નામ ગિનિસ બુકમાં નોંધાયું છે.



એલિગેટર મગરને તેના જીવનકાળ દરમિયાન આશરે 3,000 દાંત ઊગે છે !



ગોકળગાય (સ્નેઇલ) તેના નાકથી નહીં હોઠથી ગંધ પારખે છે !



બાર્કિંગ પીજન (એક પ્રકારનું કબૂતર) ભસતા કૂતરા જેવો અવાજ કાઢી શકે છે.




























**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/3fyUtg0



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે
તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી
દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી
ઘસીને હાથ ધોઈ
નાંખશો.



ઘરની બહાર નીકળવું
નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ
કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ